(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૬)**

૧. કસાએહિં **કોહ કસાએણં માણ કસાએણં માયા કસાએણં લોહ કસાએણં** પડિક્કમામિ

૨. પાણ ભોયણાએ **બીય ભોયણાએ હરિય ભોયણાએ પચ્છા કમ્મિયાએ પુરે કમ્મિયાએ** અદિટ્ઠહડાએ

૩. પડિપુન્નં **નેઆઉયં સંસુદ્ધં સલ્લકત્તણં સિદ્ધિ મગ્ગં** મુત્તિ મગ્ગં

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. આરાહણાએ | **આરાધનામાં** |
| ૨. પગામ સિજ્જાએ | **વધારે સૂતા રહેવાથી** |
| ૩. ઈક્કવીસાએ સબલેહિં | **એકવીસ શબળા દોષોથી** |
| ૪. દુપ્પમજ્જણાએ | **અવિધિથી પ્રમાર્જના કરવાથી** |
| ૫. સિરસાવત્તં | **મસ્તકે આવર્તન કરવાથી** |
| ૬. એવંમએ | **આ રીતે, મારા વડે** |
| ૭. સુયસ્સ આસાયણાએ | **શ્રુતની આશાતનાથી** |
| ૮. ઓહાસણભિક્ખાએ | **વિશિષ્ટ વસ્તુઓ માંગીને ભિક્ષા લેવા વડે** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૫)**

| | **જવાબ** | **પાઠ** |
|---|---|---|
| ૧. આકુળવ્યાકુળતાથી | **આઉલમાઉલાએ** | **પહેલા શ્રમણસૂત્રમાં** |
| ૨. રાગના બંધનથી | **રાગ બંધણેણં** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૩. શુદ્ધ અંતઃકરણથી | **મણસા** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. સ્વ-પરના પ્રાણનો નાશ થાય તે | **પાણાઈવાઈ કિરિયાએ** | **ચોથા શ્રમણસૂત્રમાં** |
| ૫. ચાર કાળ | **ચાઉક્કાલં** | **ત્રીજા શ્રમણસૂત્રમાં** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પહેલી બે બ્રહ્મચર્યની ગુપ્તિ લખો.

**જ. ૧) સ્ત્રીએ પુરુષ રહિત, પુરુષે સ્ત્રી રહિત તેમ જ પશુ, નપુંસક રહિત સ્થાનમાં રહેવું, ઉંદર-બિલાડીના દૃષ્ટાંતે. જેમ ઉંદરને બિલાડીથી સતત ભય તેમ બ્રહ્મચારી પુરુષને સ્ત્રી ભેગા થવાથી બ્રહ્મચર્ય ન સચવાય.**
**૨) સ્ત્રી-પુરુષે કામક્રીડાની વાતો કરવી નહિ. લીંબુ અને જીભના દૃષ્ટાંતે. જેમ લીંબુ આદિ યાદ કરવાથી જીભમાંથી પાણી છૂટે તેમ કામક્રીડાની વાતોથી બ્રહ્મચર્યને નુકસાન થાય.**

૨. આલોક અને પરલોકની આશાતના કેવી રીતે થાય છે?

**જ. આલોકની આશાતના – મનુષ્ય માટે મનુષ્ય ગતિ તે આલોક, અન્ય ત્રણ ગતિ તે પરલોક.**
**પરલોકની આશાતના – પુનર્જન્મ ન માનવો, નરક આદિ ચાર ગતિને ન માનવા વગેરે.**

૩. શલ્ય એટલે શું? તે કેટલા છે? નિદાન શલ્ય એટલે શું?

**જ. શલ્ય એટલે કાંટો. જેમ કાંટો શરીરને શાંતિ ન લેવા દે, તેમ શલ્ય અંતરાત્માને શાંતિ ન લેવા દે.**
**શલ્ય ત્રણ છે.**
**નિદાન શલ્ય એટલે ધર્મકરણી કરી સાંસારિક ફળની ઈચ્છા રાખવી, ભોગોની ઈચ્છા રાખવી.**

૪. કયા શબ્દો દ્વારા વર્તમાન ચોવીસીને એકસાથે વંદન કરવામાં આવે છે? મૂળ પાઠ અર્થ સાથે લખો.

**જ. પાંચમા શ્રમણસૂત્રમાં – નમો ચઉવીસાએ તિત્થયરાણં ઉસભાઈ મહાવીર – નમસ્કાર હોજો ૨૪ તીર્થંકરોને ઋષભદેવથી મહાવીર સ્વામીને**
**ખામેમિ સવ્વે જીવામાં – વંદામિ જિણ ચઉવ્વીસં – વંદન કરું છું, અરિહંત ભગવાનોને ચોવીશે.**

પ. સર્વ અતિચારોનું પ્રતિક્રમણ બતાવતા શબ્દો કયા પાઠમાં છે? કયા કયા?

**જ. પાંચમા શ્રમણસૂત્રમાં જં સંભરામિ જં ચ ન સંભરામિ જં પડિક્કમામિ જં ચ ન પડિક્કમામિ તસ્સ સવ્વસ્સ દેવસિયસ્સ અઈયારસ્સ પડિક્કમામિ.**

**(ઈ) માત્ર સંખ્યા લખો. (૪)**

૧. અસમાધિના સ્થાન – **૨૦** ૨. ગણધરના ગુણ – **પર** ૩. તપના અતિચાર – **પ** ૪. બાહ્ય પરિગ્રહ – **૯**
પ. અતિશય – **૩૪** ૬. પાપના પગથિયા – **૪** ૭. શ્રાવકના ગુણ – **૨૧** ૮. કરણ – **૩**

(પ૦)

**પ્ર.૨ (અ) ગતાગતિના આધારે જવાબ લખો. (૨૮)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. હિરણ્યવયના મનુષ્ય મરીને ક્યાં જાય? શા માટે?

**જ. હિરણ્યવયના મનુષ્ય મરીને જ. ભવનપતિ ઉ. પહેલા દેવલોક સુધી જાય કારણ કે જુગલિયા છે. જુગલિયા મરીને દેવમાં જ જાય. જુગલિયા તરીકે જેટલું આયુષ્ય હોય તેટલું કે તેથી ઓછું આયુષ્ય દેવલોકમાં પામે.**

૨. જેની આગતિ ૧પ ભેદની હોય તે કોણ? તેની ગતાગતિ લખો.

**જ. ૯ થી ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, પ અનુત્તર વિમાન એ ૧૮ બોલની. તેની આગત – ૧પ કર્મભૂમિના મનુષ્યના પર્યાપ્તાની. ગત – ૩૦ ૧પ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તાની.**

૩. ચોથી નરકનો નીકળ્યો શું થઈ શકે? તે કઈ કઈ ગતિમાંથી અને તે તે ગતિના કેટલા ભેદમાંથી આવી શકે?

**જ. ચોથી નરકનો નીકળ્યો કેવળી થઈ શકે. તે ચારે ગતિમાંથી આવી શકે. નરકના – ૪ ભેદ તે ૧ થી ૪ નરક, દેવના – ૮૧ ભેદ તે ૧પ પરમાધામી અને ૩ કિલ્વિષી વર્જીને, મનુષ્યના – ૧પ ભેદ તે ૧પ કર્મભૂમિના મનુષ્ય, તિર્યંચના ૮ ભેદ તે પ સંજ્ઞી તિ. પંચે., બાદર પૃથ્વી, બાદર પાણી, બાદર વનસ્પતિ એ ૧૦૮ ના પર્યાપ્તા.**

૪. કઈ પદવી અમર છે? તેની આગતિ વિસ્તારથી લખો.

**જ. બળદેવની પદવી અમર છે. તેની આગતિ – ૮૩ ભેદની – દેવના ૮૧ ભેદ તે ૧પ પરમાધામી અને ૩ કિલ્વિષી વર્જીને, નરકના બે ભેદ તે પ્રથમ બે નરક એ ૮૩ ના પર્યાપ્તાની.**

**(૨) નીચેના બોલની વિસ્તારથી ગતાગત લખો. (૧પ)**

૧. મહાશુક્ર દેવલોકની – આગત ૨૦ ભેદની **૧પ કર્મભૂમિના મનુષ્ય, પ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના એ ૨૦ ના પર્યાપ્તાની.** ગત ૪૦ ભેદની **૧પ કર્મભૂમિના મનુષ્ય, પ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૪૦.**

૨. સિંહની – આગત ૨૬૭ ભેદની **૧૭૯ ની લટ (૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧પ કર્મભૂમિના મનુ. ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ), ૮૧ દેવ (૧પ પરમા., ૩ કિલ્વિષી ૧૮ વર્જીને), ૭ નરકના પર્યાપ્તા એ ૨૬૭ ભેદ.** ગત પ૨૧ ભેદની **જીવના પ૬૩ ભેદમાંથી પ, ૬, ૭ એ ત્રણ નરક તથા ૯ મા દેવલોકથી પ અનુત્તર વિમાન એ ૧૮ એમ ૨૧ ના અપર્યા. અને પર્યા. એ ૪૨ ભેદ વર્જીને.**

૩. વંશાની – આગત ૨૦ ભેદની **૧પ કર્મભૂમિના મનુષ્ય, પ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના એ ૨૦ ના પર્યાપ્તાની.** ગત ૪૦ ભેદની **૧પ કર્મભૂમિના મનુષ્ય, પ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા એટલે ૪૦.**

૪. વાસુદેવની – આગત ૩૨ ભેદની **૧૨ દેવલોક, ૯ લોકાંતિક, ૯ ગ્રૈવેયક, પ્રથમ ૨ નરકના એ ૩૨ ના પર્યાપ્તા.** ગત ૧૪ ભેદની **૭ નરકના અપર્યાપ્તા અને પર્યાપ્તા એ ૧૪.**

પ. ગરમરની– આગત ૧૭૯ ભેદની **૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧પ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ.** ગત ૧૭૯ ભેદની **૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧પ કર્મભૂમિના મનુષ્યના અપર્યા. અને પર્યા. એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ એટલે ૧૭૯.**

**(૩) ખાલી જગ્યા પૂરો. (પ)**

૧. ...... અને ....... નરક અને વૈમાનિક દેવમાંથી આવે.

**જ. તીર્થંકર, વાસુદેવ.**

૨. અંગારા મરીને ........ ન થાય, નિયમા ....... જ થાય.

**જ. મનુષ્ય, તિર્યંચ.**

૩. ........ અને ......... માંથી નીકળી તિર્યંચ બનેલો જીવ તે તિર્યંચના ભવમાં સમકિત પામે નહિ.

**જ. તેઉકાય, વાઉકાય.**

૪. સાતમી નરકનો અપર્યાપ્તો ........ હોવાથી ....... લઈને જીવ સાતમી નરકમાં ન જાય.

**જ. એકાંત મિથ્યાત્વી, સમકિત**

૫. સ્ત્રી મરીને ...... નરકમાં ન જાય. જીવના ૫૬૩ ભેદમાંથી ......... અમર છે.

**જ. સાતમી, ૧૯૨ ભેદ.**

**(બ) ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે ખાલી જગ્યા પૂરો. (૭)**

૧. ....... અને ....... ક્ષેત્રના પ્રથમ ખંડમાં માત્ર સાડી પચ્ચીસ આર્ય દેશ હોય છે.

**જ. ભરત, ઈરવત.**

૨. ....... માં સૌથી શ્રેષ્ઠ ભૌતિક ઋદ્ધિ ...... ની હોય છે.

**જ. મનુષ્યો, ચક્રવર્તી.**

૩. બળદેવ ....... અને વાસુદેવ ....... હોય છે.

**જ. મોટા ભાઈ, નાના ભાઈ.**

૪. મહાવિદેહમાં ચક્રવર્તીની અવગાહના જ. ....... અને ઉ. ....... હોય છે અને વાસુદેવના જઘન્ય ભવ ...... છે.

**જ. જ. ઉ. ૫૦૦ ધનુષ, ત્રણ.**

૫. બધા જ તીર્થંકરોના જન્મ ....... એ થાય છે અને જન્મ મહોત્સવ ....... પર ઉજવાય છે.

**જ. મધ્યરાત્રિ, મેરુ પર્વત.**

૬. વાસુદેવની પદવી ....... થી મળે છે અને બળદેવને નિયમા ....... હોય છે.

**જ. નિયાણા, સમકિત.**

૭. ચક્રવર્તી પાસે ....... રથ અને ....... પાયદળ હોય છે.

**જ. ૮૪ લાખ, ૯૬ ક્રોડ.**

**(ક) વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. કેટલી અને કઈ પ્રકૃતિનો ક્ષય કરવાથી નિશ્ચય સમકિતની પ્રાપ્તિ થાય છે?

**જ. સાત – અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા, અનંતાનુબંધી લોભ અને દર્શન મોહનીયની ૩ તે સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય.**

૨. સમકિતી જીવ આલોક–પરલોકમાં સુખી થવા શું કરે તેમ જ શેમાં અનુરાગ રાખે? વચન શુદ્ધતા એટલે શું?

**જ. સુદેવ, સુગુરુની હર્ષિત થઈને સેવા–ભક્તિ કરે અને જૈન આગમ શાસ્ત્ર સાંભળવામાં અનુરાગ રાખે. વચન શુદ્ધતા એટલે વચનથી અરિહંત દેવ, ધર્મગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મના જ ગુણકીર્તન કરે. બીજા સરાગી દેવ, ગુરુ કે ધર્મના ગુણગ્રામ ન કરે.**

૩. સમકિતી જીવ કેટલા સમયમાં મોક્ષ પ્રાપ્ત કરે? તેની પ્રવૃત્તિમાં શું હોય છે? શેનો નાશ કરે છે? ઉદાહરણ આપો.

**જ. જ. અંતર્મુહૂર્ત ઉ. અર્ધ પુદ્ગલ પરાવર્તન (અનંતકાળ ચક્ર). તેની પ્રવૃત્તિમાં પાપભીરુતા હોય છે. ભવભ્રમણના કારણરૂપ મિથ્યાત્વનો નાશ કરે છે. કૃષ્ણ વાસુદેવ, શ્રેણિક મહારાજા.**

૪. ત્રીજી સદ્દહણા, ચોથું દૂષણ, બીજો આગાર, નવમો વિનય, ચોથી જયણા, છટ્ઠો આચાર, નવમી રુચિ અને પાંચમું ભૂષણ લખો. (માત્ર નામ લખો.)

**જ. ત્રીજી સદ્દહણા – વા વિ વાવન્ન, ચોથું દૂષણ – પરપાસંડ પસંસા, બીજો આગાર – કુટુંબ કે જ્ઞાતિ,**

**નવમો વિનય – સ્વધર્મી, ચોથી જયણા – માન, છટ્ઠો આચાર – સ્થિરીકરણ, નવમી રુચિ – સંક્ષેપ રુચિ પાંચમું ભૂષણ – ધૈર્યવાન.**

૫. લક્ષણ એટલે શું? તે કેટલા છે? માત્ર નામ લખો. આસ્થા એટલે શું?

**જ. લક્ષણ એટલે જેનાથી સમકિતની ઓળખાણ થાય. તે પાંચ છે. સમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા. આસ્થા એટલે જિનવાણી, આગમ, શાસ્ત્રો પર દઢ શ્રદ્ધા રાખે. સ્વ–પરના હિતાહિતનો વિચાર કરી કાર્ય કરે.**

**(૨) વ્યાખ્યા લખો. (૫)**

૧. નિ:કાંક્ષિત – **અન્ય મતોની તથા સાંસારિક સુખોની ઈચ્છા ન કરવી.**

૨. અભિગમ રુચિ – **જેણે ૧૧ અંગ, પ્રકીર્ણક સૂત્ર, દષ્ટિવાદ આદિ શ્રુતજ્ઞાનના અર્થને જાણી લીધા છે તેને અભિગમ રુચિ કહે છે.**

૩. સંલાપ – **મિથ્યાત્વીની સાથે વિના કારણે વારંવાર ધર્મબુદ્ધિથી ન બોલે. સમકિતી સાથે વગર બોલાવ્યે પણ વારંવાર બોલે.**

૪. વિદ્યા પ્રભાવના – **પુરુષાર્થવાળો પુરુષ અનેક વિદ્યા જાણે અને દીક્ષા લઈ શાસન પ્રભાવના કરે.**

૫. ગણ – **ઘણા આચાર્યોના શિષ્ય સમૂહ.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અર્જુનમાળી ક્યા નગરમાં રહેતો હતો? તે નગરીના રાજા કોણ હતા? તે કોની સાથે ક્યાં રહેતો હતો?

**જ. અર્જુનમાળી રાજગૃહી નગરમાં રહેતો હતો. તે નગરીના રાજા શ્રેણિક હતા. તે પોતાની પત્ની બંધુમતી સાથે ગુણશીલક ઉદ્યાનમાં સુખપૂર્વક રહેતો હતો.**

૨. નંદ મણિયારે પૌષધમાં કોની આજ્ઞા લઈને શું કરવાનું વિચાર્યુ?

**જ. કાલે સવારે રાજા શ્રેણિકની આજ્ઞા લઈને નગરની બહાર ઈશાન દિશામાં વૈભાર પર્વતની નજીક વાસ્તુ શાસ્ત્રના પાઠકોએ પસંદ કરેલી ભૂમિમાં નંદા પુષ્કરિણી ખોદાવવાનો વિચાર કર્યો.**

૩. પત્ની સાથે અભદ્ર વ્યવહાર જોઈને અર્જુનમાળીને શું વિચાર આવ્યો?

**જ. હું નાનપણથી જ આ મુદ્‌ગરપાણિ યક્ષની સેવા–પૂજા કરું છુ અને પછી જ ફૂલ વેંચીને મારો જીવનનિર્વાહ કરું છું. જો મુદ્‌ગરપાણિ યક્ષ હોત તો ખરેખર આવી તકલીફના સમયે મને જરૂરથી મદદ કરત, માટે નક્કી અહીં કોઈ યક્ષ નથી પણ આ તો માત્ર ઠૂંઠું લાકડું છે.**

૪. શુક્ર પરિવ્રાજકે કયા વિષયો પર થાવચ્ચા મુનિ સાથે પ્રશ્નચર્ચા કરી? સત્યદર્શન જાણ્યા પછી શું કર્યુ?

**જ. સરિસવય, કુલત્થા, માસ, અક્ષય, અવ્યય વગેરે વિષયો પર ચર્ચા કરી. સત્યદર્શન જાણ્યા પછી પોતાની હાર સ્વીકારી તે શુક્ર પરિવ્રાજકે પોતાના ૧૦૦૦ શિષ્યો સાથે થાવચ્ચા મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી.**

૫. કોણ બોલે છે અને કોને કહે છે? – ૧) તે દેવની વિકુર્વણા હતી. **ભગવાન મહાવીર ગૌતમને કહે છે.**

૨) હું અધન્ય છું. ભ્રષ્ટ થઈ ગયો. **દેડકો મનમાં વિચારે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. નાત્યદ્‌ભુતં ........ કરોતિ. | **પાના નં. ૧૬૯ કડી ૧૦** |
| ૨. કિં શર્વરીષુ ......... નમ્રૈઃ | **પાના નં. ૧૭૦ કડી ૧૯** |
| ૩. મત્વેતિ ......... બિન્દુ:. | **પાના નં. ૧૬૯ કડી ૮** |
| ૪. ભક્તામરની ૨૫ મી કડી લખો. | **પાના નં. ૧૭૧ કડી ૨૫** |

**જય – જિનેન્દ્ર**